# જિલ્લાશિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

કચેરી ફોન નં-૦૨૬૧-૨૬૬૨૯૦૩, ફેક્સ નં - ૦૨૬૧-૨૬૬૨૯૦૨

ઈમેઈલ એડ્રેસ :-suratdeo@gmail.com website :-suratdeo.org

---

જા.નં/મા-૫/૨૦૨૧/ 8297

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લાસેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા. 29/ ૦૬/૨૦૨૧
૨૯

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

ર/-શિક્ષણ વિભાગના તા.૧૪-૦૬-૨૦૨૧નાં ઠરાવ સંદર્ભે કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક/ ઉમશ/ ઉમા-૨/૨૦૨૧ /૪૪૬૪-૯૬ તા.૧૬-૦૬-૨૦૨૧નાં શેરા અન્વયે નાં ઠરાવ ના અમલ તથા જાણ સારું

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત જિલ્લો-સુરત

Scanned with CamScanner

ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૪૭૮/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૪/૦૧/૨૦૨૧

આ.નં. .......

પ્રતિ,
નિયામકશ્રી શાળાઓ,
નિયામકશ્રી શાળાઓની કચેરી
બ્લોક નં. ૧, ડો જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા બાબત.

સાહેબ,

ઉપર્યુક્ત વિષયના આપની કચેરીના તા.૧૧/૦૯/૨૦૨૦ ના પત્ર ક્રમાંક: ઉમાશ/ઉમા-૨/૨૦૨૦/૪૫૧૩ થી અત્રે રજૂ કરવામાં આવેલ દરખાસ્તના સંદર્ભમાં જણાવવાનું કે, બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ, નિવૃત્ત બિન શૈક્ષણિક કર્મચારીઓ તેમજ એકાકી-સંવર્ગ ગ્રંથપાલ મુજબના કર્મચારીઓના કિસ્સામાં નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની સૂચના અન્વયે પગાર ચકાસણીની તથા ઉચ્ચતર પગાર ધોરણની કામગીરી ચાલુ કરવા સંબંધિતોને સૂચના આપવા અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

(૧) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના **શૈક્ષણિક કર્મચારીઓ** માટે હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પાસ કરવાની જોગવાઈ આ વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ થી કરવામાં આવેલ હોઈ, પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા અત્રેથી મંજૂરી આપવામાં આવે છે. વધુમાં હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતો-વખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

(૨) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના **બિન શૈક્ષણિક કર્મચારીઓ** કે જેઓ **તા.૦૧/૦૯/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ ની તારીખ પહેલા નિવૃત્ત થયેલ છે** તેઓના કેસમાં ખાતાકીય પરીક્ષા જ ફક્ત તા.૦૧/૦૯/૨૦૨૦ ના ઠરાવથી દાખલ થયેલ હોઈ, તે અગાઉ નિવૃત્ત થયેલ કર્મચારીઓના કેસમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા મંજૂરી આપવામાં આવે છે. વધુમાં હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતો-વખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

(૩) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના **ગ્રંથપાલ** એકાકી સંવર્ગ હોવાથી તેઓને બઢતી મળવાપાત્ર થતી નથી. જેથી તેઓના કેસમાં જો ખાતાકીય પરીક્ષા જ નિયત

Scanned with CamScanner

Scanned with CamScanner

સંબંધિત ન હોય તો પરીક્ષામાંથી મુક્તિ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં, ગ્રંથપાલ એકાકી-સંવર્ગ હોઈ, અનુસૂચિ મુજબ જ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે. તેમજ હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી ) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતો-વખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના **બિન શૈક્ષણિક કર્મચારીઓને** પુરતા જ યોજનાર કોમન ખાતાકીય પરીક્ષામાં અનિવાર્યપણે ઉપસ્થિત થઈને નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની શરતે પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની માંગણી બાબતે નાણા વિભાગે જણાવેલ છે કે, પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ કોઈ પણ કેસમાં શરતી મંજૂર થઈ શકશે નહિ. જ્યારે બીજું ઉચ્ચતર પગાર ધોરણ નાણા વિભાગના તા.૧૨/૦૮/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૮૦-મ ની જોગવાઈ ધ્યાને લઈ શરતી મંજૂર કરી શકાશે. વધુમાં હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતો-વખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

ઉક્ત કર્મચારીઓ માટે તાત્કાલિક ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા પણ આથી સૂચિત કરવામાં આવે છે, જેથી ભવિષ્યમાં અન્ય પ્રશ્નો ઉપસ્થિત ન થાય

આપનો વિશ્વાસુ,

(જે.એસ.હેડંબા)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

ક્રમાંક : ઉમશ/ઉમા-૨/ ૨૦૨૧/ ૫૫૬૫-૧૬
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક નં ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તારીખ : ૧૮/ ૦૬/ ૨૦૨૧.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ (જરૂરી કાર્યવાહી અર્થે)

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨
ગુ.રા., ગાંધીનગર